# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

DATE: 26/08/2019

E-PAPER GUJARAT MITRA PAGE- 10

## નેત્રંગના કાંટીપાડામાં 14 જુગારિયાની અટકાયત

નેત્રંગ: નેત્રંગ તાલુકાના કાંટીપાડા ગામના પીપરી ફળિયામાં જુગારની બાતમીના આધારે પોલીસે રેડ કરતાં 14 જુગારી રોકડા રૂ.૨૦,૨૦૦ અને મોબાઇલ ફોન નંગ ૯ કિંમત ૧૪,૦૦૦ મળી જુગારના કુલ રૂ.૩૪,૨૦૦ના મુદ્દામાલ સાથે 14 ઇસમોને પકડી પાડ્યા હતા.

**DATE: 26/08/2019**

**E-PAPER GUJARAT MITRA PAGE- 10**

# પાનોલી ગામેથી તાડીના જથ્થા સાથે એકની અટક

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકા પોલીસે પાનોલી ગામેથી 66 લીટર તાડીના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વર તાલુકા પોલીસની ટીમ પાનોલી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન પાનોલી ગામમાં એક ઈસમ તાડી વેચી રહ્યો હોવાની બાતમીના આધારે રેડ કરતાં અર્જુન બાબુ વસાવાને ઝડપી પાડ્યો હતો. તાલુકા પોલીસે રૂપિયા 1300ની કિંમતની 66 લીટર તાડીનો જથ્થો કબજે કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 27/08/2019**

**E-PAPER GUJARAT MITRA PAGE- 14**

# દહેજ પોલીસે બે દિવસમાં શંકાસ્પદ વાહનો સાથે ચાર આરોપીની ધરપકડ કરી




ભરૂચઃ દહેજ પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન વાગરા તાલુકાના વડદલા સ્થિત વેલ્સપન કમ્પની પાસેથી મૂળ અમૃતસરના થોબા ગામના અને હાલ વડદલા ગામની સેન્ટ્રોસા સોસાયટીમાં રહેતા લવપ્રિતસિંગ મેજરસિંગ જાટ શંકાસ્પદ બાઇક સાથે ઝડપાયો હતો. પોલીસે તેની પાસેની બાઇકના એન્જીન અને ચેસીસ નમ્બર એકલવ્ય એપ ઉપર ચેક કરતા ખોટા પુરવાર થયા હતા. પોલીસે તેની વધુ પૂછતાછ કરતા અને તેના ઘેર તપાસ કરતા વધુ એક બાઇક આધાર પુરાવા વિનાની મળી આવી હતી. બન્ને બાઇકો ભરૂચમાંથી ચોરી કરી હોવાની બહાર આવતા લવપ્રિત સામે ભરૂચના બી ડિવિઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઇ હતી. આગલા દિવસે પણ પોલીસે જોલવા ચોકડી પરથી શંકાસ્પદ બાઇક સાથે મૂળ પંજાબના અને હાલ જોલવા ખાતે રહેતા જોબનસિંગ જીતસિંગ, મનજીતસિંગ જોગેન્દ્રસિંગ અને શુખજીતસિંગને ઝડપી પાડ્યા હતા. પોલીસે બાઇકના ચેસીસ અને એન્જીન નમ્બરની ચકાસણી કરતા ચોક્કસ માહિતી મળી ન હતી. જેમાં પોલીસે ત્રણેની સામે 41/1ડી હેઠળ કાર્યવાહી કરી હતી.

DATE: 31/08/2019

E-PAPER SANDESH PAGE- 09

# નિકોરા ગામમાં પ્રેમિકાની હત્યા કરનાર પ્રેમી ઝડપાયો

। પાલેજ ।

જર, જમીનને જોરૂ ત્રણે કજીયાના છોરૂ એ ઉકિતને સાર્થક કરતી ઘટના ગતરોજ ભરૂચના નિકોરા ગામમાં બનતા ભારે ચકચાર મચી જવા પામી હતી. નિકોરા ગામમાં જયંતી ભાણા દેવીપૂજકે તેની પ્રેમિકાને અન્ય પ્રેમી સાથે કઢંગી હાલતમાં જોઈ જતા જયંતિએ આવેશમાં આવી જઈને સુમનબેનના માથાના ભાગે લાકડીના સપાટા મારતા તેમજ ગુપ્ત ભાગે માર મારતા સુમનબેનનું કરૂણ મોત નિપજયુ હતુ. હત્યા કર્યા બાદ હત્યાનો જયંતિ ફરાર થઈ ગયો હતો. હત્યા



સંદર્ભે નબીપુર પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરતા હત્યાનો જયંતિ ગણતરીના કલાકોમાં જ પોલીસના હાથે ઝડપાઈ જવા પામયો હતો. હાલ તો પોલીસે હત્યારાને ઝડપી પાડી જેલ ભેગો કર્યો છે.

DATE: 31/08/2019

E-PAPER DIVYABHASKAR PAGE- 01

# ઈખર ગામે કતલના ઈરાદે ફાર્મમાં રખાયેલાં 9 વાછરડાંને બચાવાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદના ઈખર ગામે આવેલાં એક પોલ્ટ્રીફાર્મમાં કતલ કરવાના ઈરાદે ક્રૂરતાપુર્વક રાખેલાં 9 વાછરડાંને આમોદ પોલીસે બચાવી લીધાં હતાં. પોલીસે પોલ્ટ્રીફાર્મના સંચાલક વિરૂદ્ધ પશુઘાતકીપણા તેમજ પશુ સંરક્ષણ અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આમોદ પોલીસને ભરૂચ કંટ્રોલરૂમ પરથી માહિતી અપાઈ હતી કે, ઈખર ગામે ભુત માસ્તરના

અનુસંધાન પાના નં 2

DATE: 31/08/2019

E-PAPER GUJARATGAURDIAN PAGE- 07

# અંકલેશ્વરમાં શાંતિ સમિતિની બેઠક મળી તહેવારોને શાંતિપૂર્ણ પાર પાડવા તંત્ર સજ્જ

**અંકલેશ્વર તા : ૩૦** અંકલેશ્વરમાં આગામી તહેવારો નિમિતે નગરપાલિકાનાં સભાખંડ ખાતે ભરૂચ જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા તેમજ પ્રાંત અધિકારી રમેશ ભગોરાની અધ્યક્ષતા હેઠળ શાંતિ સમિતિની બેઠક યોજાય હતી.



(તસવીર : દિનેશ ગાંધી)

અંકલેશ્વર શહેર અને જીઆઇડીસી વિસ્તારમાં ગણપતિ ઉત્સવ તેમજ મોહરમનાં તહેવારોને ધ્યાનમાં રાખીને અંકલેશ્વર નગરપાલિકાનાં સભાખંડ ખાતે આયોજિત શાંતિ સમિતિની બેઠકના પ્રારંભે બે દિવસ પૂર્વે થયેલ ગોઝારી દુર્ઘટનામાં બે યુવકોના થયેલ કરૂણ મોત અંગે બે મિનિટનું મૌન પાડી બેઠકનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ શાંતિ સમિતિની બેઠકમાં અંકલેશ્વર શહેર તેમજ જીઆઇડીસી વિસ્તારનાં ગણેશોત્સવનાં આયોજકો તેમજ તાજીયા કમિટીનાં સભ્યો અને શાંતિ સમિતિનાં સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ભરૂચ જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ગણેશ વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં તેમજ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે આયોજકોને અપીલ કરીને જરૂરી સલામતી અંગે સુચનાઓ આપી હતી. જ્યારે ગણેશ મંડળો દ્વારા વિસર્જન દરમિયાન સરફુદ્દીન તેમજ બોરભાઠા બેટ ખાતે નદી કિનારે ક્રેન તેમજ લાઈટીંગની વ્યવસ્થા અંગે રજૂઆતો કરવામાં આવી હતી. શાંતિ સમિતિની બેઠક માં વિવિધ સંસ્થાઓ, ગણેશ મંડળ ના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## નદી કિનારે ક્રેન તેમજ લાઈટિંગની વ્યવસ્થા અંગે રજૂઆતો: ગણેશ વિસર્જન સમયમર્યાદામાં પૂર્ણ કરવા આયોજકોને અપીલ કરવામાં આવી



(તસવીર : દિનેશ ગાંધી)

# અંકલેશ્વર તાલુકા પોલીસ મથક ખાતે લોકદરબાર યોજાયો

**અંકલેશ્વરઃ** અંકલેશ્વર તાલુકા પોલીસ મથક ખાતે વાર્ષિક ઇન્સ્પેકશન તેમજ લોક દરબારનું આયોજન હાથ ધરાયું હતું. જેમાં જિલ્લા પોલીસ વડા ઉપસ્થિત રહ્યા હતા. અંકલેશ્વર તાલુકા પોલીસ મથક ખાતે જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતા હેઠળ વાર્ષિક ઇન્સ્પેકશન તેમજ લોકદરબાર યોજાયો હતો જેમાં ડીવાય.એસ.પી એલ એ ઝાલા સહિત પોલીસ અધિકારી પોલીસ કર્મચારીઓ તેમજ વિવિધ ગામોના સરપંચ તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પોલીસ વડાએ વિવિધ ગામોના સરપંચ તેમજ આગેવાનો સાથે કાયદો અને વ્યવસ્થા તંત્ર અંગે વિચાર-વિમર્શ કર્યો હતો તેમજ પોલીસની કામગીરીનો ક્યાસ મેળવ્યો હતો.